**સને ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં સમાવિષ્ટ રૂ.૧૦૦ કરોડથી વધુ રકમની ચાલુ બાબતોની વહીવટી મંજુરી બાબત**

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: WCDD/AWR/e-file/23/2025/1183/A
સચિવાલય, ગાંધીનગર
તા.**/૦૫/૨૦૨૬

**ઠરાવ:**

૧. મહિલા અને બાળ વિકાસની મહિલા કલ્યાણની કામગીરીના સંદર્ભે સને ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં સમાવિષ્ટ રૂ.૧૦૦ કરોડથી વધુ રકમની કુલ-૫ ચાલુ બાબતોને નીચેની શરતોને આધીન વર્ષ ૨૦૨૬-૨૭માં ખર્ચ કરવાની આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

| ક્રમ | સદર | વિષય | મંજુર જોગવાઇ (રકમ રૂ. કરોડમાં) |
|---|---|---|---|
| ૧ | ૯૫-૨૨૩૫-૦૨-૧૦૩-૦૧ | અનૂસુચિત જાતિ પેટા યોજના નિરાધાર વિધવાઓને તેમના પુન:સ્થાપન માટે નાણાકીય સહાય | ૧૮૬.૩૭ |
| ૨ | ૯૬-૨૨૩૫-૦૨-૭૯૬-૦૬ | નિરાધાર વિધવાઓને તેમના પુન:સ્થાપન માટે નાણાકીય સહાય | ૪૦૦.૯૪ |
| ૩ | ૧૦૬-૨૨૩૫-૦૨-૧૦૩-૦૪ | નિરાધાર વિધવાઓને પુન:સ્થાપન માટે નાણાકીય સહાય | ૨૦૮૫.૨૬ |
| ૪ | ૧૦૬-૨૨૩૫-૦૨-૧૦૩-૪૭ | વહાલી દીકરી યોજના (૧૦૦% રાજ્ય) | ૨૪૫.૩૩ |
| ૫ | ૧૦૬-૨૨૩૫-૦૨-૧૦૩-૬૫ | ઇન્દિરા ગાંધી નેશનલ વિડો પેન્શન સિડ્યુલ્ડ જનરલ (ટોપ અપ) | ૧૩૬.૬૭ |

૨. આ અંગેનો ખર્ચ અંદાજપત્રીય સદર અને મંજુર થયેલ રકમની મર્યાદામાં નીચેની શરતોને આધીન કરવાનો રહેશે.

(૧) આ યોજનાનો ખર્ચ તા. ૦૧.૦૪.૨૦૨૬ થી કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિંધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ અગાઉ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પધ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના વાંધા પ્રમાણ પત્ર (No Objection Certificate) મેળવ્યા પછીજ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.સાધન/ કીટની ગુણવતા સુનિશ્રિત કરવાની રહેશે.

(૮) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈ ઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) આઈ.ટી.સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો-વખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

(૧૧) Social Audit અને Third Party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુકરવાનું રહેશે.

Signature Not Verified
Signed by : Jaydeep Patel
Section Officer
Women and Child Development Department
Date : 2026.05.05 16:23:57 IST

(૧૨) અંદાજ સમિતિની ભલામણ અનુસાર રાજ્ય વિધાનમંડળ દ્વારા કોઇ નવી સેવા અથવા સેવાના નવા સાધન માટે અંદાજપત્રમાં માંગણી મંજૂર કરવામાં આવી હોય અને એ બાબતે બે વર્ષ સુધી કોઇ ખર્ચ કરવામાં આવ્યુ ન હોય, તો પછી વિધાનમંડળની મંજૂરી રદ્દ થઇ ગયેલ સમજવી. ત્યારબાદ જો તે બાબત પર ખર્ચ કરવાનુ આવશ્યક બને તો નવેસરથી વિધાનમંડળની મંજૂરી મેળવવાની રહેશે.

(૧૩) C.M Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.

(૧૪) યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૧૫) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ સને ૨૦૨૬-૨૭ ના નાણાકીય વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૧૬) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહશે.

આ ઠરાવ વિભાગની સમાન ક્રમાંકની ફાઇલ ઉપર નાણા સલાહકારશ્રીના પરામર્શમાં સચિવશ્રીની તા.૦૪/૦૫/૨૦૨૬ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જયદીપ પટેલ)
સેક્શન અધિકારી
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.
- સચિવશ્રી,મહિલા અને બાળ વિકાસ વિભાગના રહસ્ય સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ) નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- નિયામકશ્રી(મહિલા કલ્યાણ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં ૨૦, ડૉ જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/ રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી,ઇ (બજેટ)/સંકલન શાખા મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ તરફ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ.
- સિલેક્ટ ફાઇલ.